RNI Reg. GUJGUJ/2010/44893

## સુવિચાર

શિક્ષણ આજીવિકાના સાધન તરીકે હોય તો કલા છે, જીવનવિકાસ માટે હોય તો વિદ્યા છે...


ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com
સાંધ્ય દૈનિક




રીબડાના પટેલ યુવાનના આપઘાત પ્રકરણમાં નવો વળાંક યુવતીએ બે વકીલો સાથે મળી કારસ્તાન રચ્યું હતું પોલીસે કરી ચારની ધરપકડ P-4

Year-16, Issue-26 ■ DATE : 08-05-2025 THURSDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI



# ધો.૧૦નું ૮૩.૦૮% પરિણામઃ ૨૮૦૫૫ વિદ્યાર્થીઓએ મેળવ્યો A1 ગ્રેડ

### સૌથી વધુ પરિણામ બનાસકાંઠા જિલ્લાનુંઃ કેન્દ્રોમાં ભાવનગરનું ભોળાદ સૌથી ઉપરઃ રાજકોટની ધોળકીયા સ્કૂલના છ છાત્રોએ મેળવ્યો પ્રથમ ક્રમાંક







તસવીર : આનંદ જાવીયા

### વિદ્યાર્થીનીઓ ફરી મેદાન માર્યુંઃ ૧૫૭૪ શાળાનું ૧૦૦ ટકા પરિણામ, ૩૦ ટકાથી ઓછા પરિણામવાળી ૨૦૧ સ્કુલ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શિક્ષણ બોર્ડ દ્વારા ફેબ્રુઆરી-માર્ચમાં લેવામાં આવેલી ધો.૧૦ (એસએસસી)ની પરીક્ષાનું આજે ૮૩.૦૮% પરિણામ જાહેર થયુ છે. ગત વર્ષે ધો.૧૦નું પરિણામ ૮૨.૫૬% હતું. આ વર્ષે એ-૧ ગ્રેડમાં છાત્રોની સંખ્યામાં પણ મોટો વધારો થયો છે. જેનાથી ટોપર્સ વિદ્યાર્થીઓ ખૂબ વધ્યા છે.

શિક્ષણ બોર્ડ દ્વારા ૯૮૯ કેન્દ્રો પરથી લેવાયેલી પરિક્ષા ૭૪૬૮૯૨ વિદ્યાર્થીઓએ આપી હતી. આ પૈકી ૬૨૦૫૩૨ વિદ્યાર્થીઓ ઉતીર્ણ થયા છે. એ-૧ ગ્રેડમાં ગત વર્ષે ૨૩૨૪૭ અને આ વર્ષે ૨૮૦૫૫ વિદ્યાર્થીઓ ઝળકયા છે. અન્ય ગ્રેડના છાત્રોમાં પણ વધારો નોંધાયો છે. જેમાં એ-૨ ગ્રેડમાં ૮૬૪૫૯, બી-૧માં ૧૨૪૨૭૪, બી-૨માં ૧૫૨૦૬૪, સી-૧માં ૧૪૫૪૪૪, સી-૨માં ૭૮૧૩૭, ડીમાં ૬૦૬૧ છાત્રો સ્થાન પામ્યા છે. આ પરિણામમાં સૌથી વધુ પરિણામ બનાસકાંઠા જિલ્લાનું ૮૯.૨૯% અને સૌથી ઓછુ ખેડા જિલ્લાનું ૭૨.૫૫% આવ્યુ છે. કેન્દ્રોમાં સૌથી ઉંચુ પરિણામ મહેસાણાના કાસા અને ભાવનગરના ભોળાદ કેન્દ્રનું ૯૯.૧૧% જાહેર થયુ છે. જયારે સૌરાષ્ટ્ર-કચ્છમાં ટકાવારીની દ્રષ્ટિએ મોરબી જિલ્લો ૮૮.૭૮ ટકા સાથે પ્રથમ, બીજા ક્રમે બોટાદ ૮૭.૭૧ અને ત્રીજા ક્રમે રાજકોટ જિલ્લો ૮૭.૧૯ ટકા સાથે રહ્યો છે. રાજયમાં ૧૦૦% પરિણામવાળી સ્કુલો વધીને ૧૫૭૪ થઈ છે. ૩૦%થી ઓછા પરિણામવાળી શાળાની સંખ્યા ઘટીને ૨૦૧ થઈ છે તો ઝીરો ટકા પરિણામવાળી સ્કુલની સંખ્યા ઘટીને ૪૫ રહી છે.

આ પરિણામમાં વિદ્યાર્થીઓનું રિઝલ્ટ ૭૯.૫૬% અને વિદ્યાર્થીનીઓનું પરિણામ ૮૭.૨૪% આવ્યુ છે. અંગ્રેજી માધ્યમ ફરી આગળ રહ્યું છે. અંગ્રેજી ભાષાના પરીક્ષાર્થીઓનું પરિણામ ૯૨.૫૮% અને ગુજરાતીના વિદ્યાર્થીઓનું પરિણામ ૮૧.૭૯% આવ્યુ છે.

હિન્દી માધ્યમનું પરિણામ ૭૬.૪૭% છે. ગેરરીતિના કેસ ગત વર્ષે ૧૩૮ હતા અને આ વર્ષે માત્ર ૧૨ નોંધાયા છે તો સીસીટીવીના આધારે નોંધાયેલા કોપીકેસ પણ ઘટીને ૧૩૮ થયા છે.

સૌરાષ્ટ્ર-કચ્છમાં જીલ્લાઓના પરિણામ પર નજર કરીએ તો અમરેલી ૭૭.૭૭%, ભાવનગર ૮૫.૧૭, બોટાદ ૮૭.૭૧, દ્વારકા ૮૩.૪૮, ગીર સોમનાથ ૮૧.૨૧, જામનગર ૮૫.૫૫, જુનાગઢ ૮૧.૮૦, કચ્છ ૮૬.૪૦, મોરબી ૮૮.૭૮, પોરબંદર ૮૦.૪૨, રાજકોટ ૮૭.૧૯, સુરેન્દ્રનગર જિલ્લાનું ૮૫.૬૩% રિઝલ્ટ આવ્યુ છે.

# લિવ ઇન રીલેશનમાં શારીરિક સબંધ બાંધવા ગેરકાનુની નથીઃ સુપ્રિમ

■ લગ્નનો વાયદો કરી યુવતીની પ્રેમી સામેની દુષ્કર્મની આરોપની અરજી સુપ્રિમે ફગાવી



**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

સુપ્રિમ કોર્ટે એક મહત્વપૂર્ણ ફેસલામાં જણાવ્યું હતું કે જયારે કોઈ યુગલ લાંબા સમયથી લિવ ઈનમાં રહેતુ હોય તો શારીરીક સંબંધ બાંધવા પર તેમના વચ્ચે માન્ય સહમતી હોવાનું જ અનુમાન લગાવી શકાય છે. સુપ્રિમ કોર્ટે લગ્નનો ખોટો વાયદો કરી દુષ્કર્મના આરોપી સામે નોંધાયેલો કેસ રદ કરતી વખતે આ ટિપ્પણી કરી હતી.

જસ્ટીસ સંજયે કરોલ અને મનોજ મિશ્રાની બેન્ચે પોતાના ફેસલામાં કહ્યું હતું કે જયારે બે વયસ્ક અનેક વર્ષોથી લિવ ઈનમાં રહેતા હોય અને એ આરોપ લગાવાય કે લગ્નનો ખોટો વાયદો કરીને શારીરીક સબંધ બનાવવ-માં આવ્યા તો તેને સ્વીકારી ન શકાય.

બેન્ચે પોતાના ફેસલામાં કહ્યું હતું કે જયારે એક પ્રેમી યુગલ લાંબા સમય સુધી લિવ-ઈનમાં રહે છે તો એ અનુમાન લગાવી શકાય કે તે લગ્ન કરવા નથી માગતા આ સાથે જ સુપ્રિમ કોર્ટે ઉતરાખંડ હાઈકોર્ટનાં ફેસલાને રદ કરી દીધો હાઈકોર્ટે આરોપી સામેનો કેસ યથાવત રાખ્યો હતો. હાઈકોર્ટે આરોપીની અરજી ફગાવી દીધી હતી. બાદમાં મામલો

# લાહોરમાં વિસ્ફોટ બાદ પાકિસ્તાનમાં ફફડાટઃ તમામ એરસ્પેસ બંધ કરાયા

### ભારતે હાફિસને નિશાન બનાવ્યાની પણ ચર્ચા પાક નેવલ-વોર કોલેજ કબ્જે કરતું સૈન્ય

**મુખ્ય સમાચાર, લાહોર**

પાકના લાહોર શહેરમાં થયેલા વિસ્ફોટમાં ડ્રોન હુમલા જેવા સંકેત છે. એક વિડીયો ન્યુઝ ચેનલો દર્શાવી રહ્યા છે. જેમાં પાકના સૈન્ય એરપોર્ટ પર એક ડ્રોન ઉડતુ અને તેમાં વિસ્ફોટ થતા દર્શાવાયા છે અને તેથી કોઈ હુમલો હોવાથી શકયતા વધી છે. પાક આર્મી નેવલ-વોર કોલેજ અહી જ છે અને શક્તિશાળી ધમાકા બાદ આર્મીએ તે કબ્જે કરી છે.

આખા પાકમાં એરસ્પેસ બંધ કરવામાં આવી છે. બીજી તરફ આ ક્ષેત્રમાં ૯ કી.મી. દુર જ આતંકી હાફિસ સઈદનું નિવાસ આવેલું છે.



ભારતે ગઈકાલે જ સઈદના મથકોને નિશાન બનાવાયા છે અને ભારતની સર્જીકલ સ્ટ્રાઈકના ભયે પાક સૈન્યએ સઈદને સલામત કર્યો હોવાનું માનવામાં આવે છે. તેને આ ક્ષેત્રમાંજ આર્મી કેમ્પ આસપાસ રખાયો હોય તેવી આશંકા છે. આમ લાહોર વિસ્ફોટ એ પાક માટે ચિંતા બની ગયો છે. પાકની ચેનલોના દાવા મુજબ મિસાઈલ હુમલો થયો હોવાની આશંકા છે. ભારત જે રીતે હાફિસ સઈદ સહિતના આતંકીઓને નિશાન બનાવી રહ્યું છે તે સમયે આ પ્રકારના વિસ્ફોટથી પાકનાં હડકંપ છે.

ભારતની ઓપરેશન સિંદુરની સર્જીકલ સ્ટ્રાઈકથી જે ઘાવ પડયા છે તે હજુ તે વચ્ચે હવે પાકિસ્તાનમાં આંતરિક રીતે પણ ગૃહયુદ્ધ જેવી સ્થિતિ બનવા જઈ રહી હોવાના સંકેત છે અને આજે પાકના પંજાબના પાટનગર લાહોર શહેરમાં એક બાદ એક ત્રણ વિસ્ફોટથી સમગ્ર મહાનગર હચમચી ગયુ છે અને જબરી અફડાતફડી જેવી સ્થિતિ બની છે.

હજુ ૨૪ કલાક પુર્વેના ભારતના હુમલાના આઘાતમાંથી પાક બહાર આવ્યુ નથી. તે વચ્ચે લાહોરના બાલ્ટન એરપોર્ટ પાસે ગોપાલનગર અને નસીરાબાદ આસપાસ શક્તિશાળી વિસ્ફોટ નોંધાય છે અને હવામાં ધુમાડાના ગોટા તથા ધ્વંશ થયેલી ઈમારતોની ધુળ નજરે પડી રહી છે.

આ હુમલાના પગલે લાહોર વિમાની મથક તુર્તજ બંધ કરી દેવાયુ છે અને અહી આવતી વિમાની સેવા અન્ય સ્થળે ડાઈવર્ટ કરાઈ છે. આ હુમલાના પગલે લાહોર સૈન્યની ટુકડીઓ દોડતી થઈ છે. લોકોને ઘરમાં જ રહેવા સલાહ અપાઈ છે. આ હુમલામાં જાનહાની અંગે હજુ કોઈ ખબર આવ્યા નથી પણ આ ધડાકાના અવાજ અનેક કિલોમીટર દુર સુધી સંભળાયા હતા.

# ઓપરેશન સિંદૂર બાદ યોજાયેલી બેઠકમાં તમામ પક્ષોએ ભારતીય સેનાની પીઠ થાબડી



**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

પાકિસ્તાન સામે ભારતના ઓપરેશન સિંદૂરની સફળતા બાદ આજે કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહના નેતૃત્વમાં યોજાયેલી સર્વપક્ષીય બેઠક પૂર્ણ થઈ છે. જેમાં ભવિષ્યની રણનીતિ અંગે ચર્ચા કરવામાં આવી હતી. સરકાર વતી આ બેઠકમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને કિરેન રિજિજુ, જે.પી.નડ્ડા હાજર રહ્યા હતાં. તમામ પક્ષના નેતાઓએ ભારતીય સેના અને કેન્દ્ર સરકારની કામગીરીને બિરદાવી વખાણ કર્યા હતા.

આ સર્વપક્ષીય બેઠક પૂર્ણ થયા બાદ લોકસભા વિપક્ષ નેતા રાહુલ ગાંધીએ જણાવ્યું કે, 'અમારૂ સરકારને સંપૂર્ણ સમર્થન છે. તમામે સમર્થન આપ્યું છે. બેઠકમાં થયેલી અમુક ગોપનીય વાતો અમે જાહેર કરી શકીશું નહીં.' લોકસભા સાંસદ AIADMKના ઔવેસીએ જણાવ્યું હતું કે, સર્વપક્ષીય બેઠકમાં મેં કેન્દ્ર સરકાર અને ભારતીય સેનાના વખાણ કર્યા છે. અમે સરકાર સમક્ષ માગ મૂકી છે કે, આપણે TRF વિરૂદ્ધ વૈશ્વિક સ્તરે અભિયાન ચલાવવાની જરૂર છે. તેમજ ચીનને પણ સમજાવવાની જરૂર છ્એ કે, કારણકે, આપણે તેની સાથે મોટાપાયે વેપાર કરી રહ્યા છીએ.

જ્યારે વિપક્ષ તરફથી રાહુલ ગાંધી, કોંગ્રેસ પ્રમુખ ખડગે બેઠકમાં હાજરી આપવા પહોંચ્યા હતા. બેઠકમાં તમામ રાજકીય પક્ષોના નેતાઓને ઓપરેશન સિંદૂર અંગેની વિગતો ઉપલબ્ધ કરાવવામાં આવી હતી.

જમ્મુ-કાશ્મીરના પહલગામમાં પર્યટકો પર થયેલા આતંકી હુમલાના જવાબમાં ભારતીય સેનાની ત્રણેય પાંખોએ ઓપરેશન સિંદૂર હાથ ધર્યું હતું. જેમાં પાકિસ્તાન અને માં નવ આતંકી ઠેકાણે એરસ્ટ્રાઈક કરવામાં આવી હતી. ૯૦ આતંકવાદીઓ માર્યા ગયા હતા. ઓપરેશન સિંદૂર બાદ આગામી રણનીતિ તેમજ સેનાના શોર્ય અને પરાક્રમને બિરદાવવા માટે તમામ રાજકીય પક્ષોની બેઠક યોજાઈ હતી. આ અંગે સંસદીય કાર્ય મંત્રી કિરેન રિજિજુએ માહિતી આપી હતી.

ગઈકાલે કિરેન રિજિજુએ સોશિયલ મીડિયા X પર પોસ્ટ કરી જણાવ્યું હતું કે, સંસદ પુસ્તકાલય ભવન, સંસદ પરિસરના સમિતિ રૂમ જી-૦૭૪માં સવારે ૧૧ વાગ્યે તમામ રાજકીય પક્ષોની બેઠક બોલાવવામાં આવી છે. જેમાં સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ, ગૃહમંત્રી, સંસદીય કાર્યમંત્રી કિરેન રિજિજુ સામેલ થશે. રાજનાથ સિંહ આ બેઠકનું નેતૃત્વ કરશે અને તમામ પક્ષોને ઓપરેશન સિંદૂરની સાથે ભવિષ્યની તૈયારીઓ સંદર્ભે માહિતી આપશે.

# અંકુશ રેખા પર પાક. દળોના તોપમારાથી ૧૫ લોકોના મોત

### કાશ્મીરથી પંજાબ સુધીની સરહદો પર અથડામણઃ ભારતે પણ વળતો જવાબ આપ્યોઃ એક જવાન શહીદ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ભારતના ઓપરેશન સિંદુરનો ફટકો ખાધા બાદ પાકિસ્તાને હવે જમ્મુ-કાશ્મીરથી પંજાબ સુધીની આંતરરાષ્ટ્રીય સરહદ તથા અંકુશ રેખા પર સતત યુદ્ધ વિરામનો ભંગ કરીને રહેણાંક ક્ષેત્રોમાં તોપમારો કરતા અને ગોળીબાર પણ ચાલુ રાખતા છેલ્લા ૨૪ કલાકમાં ૪ બાળકો સહિત ૧૫ ભારતીય નાગરિકોની ખુવારી થઈ છે અને ભારતીય દળો પણ વળતો જવાબ આપી રહ્યા છે.

ભારત સાથે પુર્ણ યુદ્ધ છેડવાની શક્તિમાં નહી રહેલા પાકે હવે સીમા પર સતત ઉશ્કેરણી ચાલુ જ રાખી છે અને કાશ્મીરમાં કુપવાડા-બારામુલ્લા અને ઉરી તથા અખ્નૂર ક્ષેત્રમાં તોપમારો તથા ગોળીબાર ચાલુ જ રાખ્યા છે.



કૂપવાડા જીલ્લા અંકુશ તથા અમો સીમા પર ગ્રામીણ ક્ષેત્રમાં તોપમારો કર્યો હતો. પુંછ, બારામુલ્લા, રાજૌરી સહિતના જીલ્લામાં પણ પાકદળોને યુદ્ધ વિરામ ભંગ ચાલુ રહ્યા છે અને ભારતે ૪ બાળકો સહિત ૧૫ નાગરિકોની ખુવારી સહન કરવી પડી છે તથા ૫૭ ઘાયલ થયા છે.

સેનાએ ગ્રામીણ ક્ષેત્રમાંથી લોકોને સલામત સ્થળો પર ખસેડવાની કાર્યવાહી શરુ કરી છે તથા પાક તોપના નાળચા શાંત કરવા આકરો જવાબ આપવાનું શરૂ કર્યુ છે. કાશ્મીરમાં ખીણ ક્ષેત્રમાં શાળા-કોલેજો સતત બંધ રાખવામાં આવ્યા છે.

કાશ્મીર યુનિ.ની પરીક્ષામાં પણ પાછળ ઠેલવામાં આવી છે. જમ્મુ-શ્રીનગર-લેહ ક્ષેત્રમાં સેનાનું પેટ્રોલીંગ વધારી દેવાયુ છે. પાકે પુંછ ક્ષેત્રમાં ગુરૂદ્વારાને પણ તોપમારાનું નિશાન બનાવ્યુ હતું.

જેમાં ૪ શ્રદ્ધાળુઓના મૃત્યુ થયા હતા. પાક સેનાના તોપમારામાં એક ભારતીય સૈનિક લાન્સ નાયક દિનેશકુમાર શહીદ થયા છે. પુંછ જીલ્લામાં થયેલા તોપમારામાં તેઓએ પોતાનું બલીદાન આપ્યુ હતું.

પંજાબમાં પણ અમૃતસર વિમાની મથક હજુ બંધ જ રખાયુ છે. આજે પણ શાળા-કોલેજોમાં રજા રાખવામાં આવી છે. પંજાબમાં ભરીન્ડા માટે એક અજાણુ ડ્રોન તૂટી પડતા એક ખેડૂતનું મૃત્યુ થયુ હતું. ભટીન્ડાના કાલાન ગ્રામ્ય ક્ષેત્રમાં આ ઘટના બની હતી. આ ડ્રોન સરહદ પરથી આવ્યુ હોવાનુ માનવામાં આવે છે.

# રાજકોટ સહિત સમગ્ર રાજયમાં સતત ત્રીજા દિવસે કમોસમી વરસાદ

### સૌથી વધુ ખંભાતમાં ૪ ઇંચઃ જામજોધપુરમાં પોણા બે ઇંચ, જામનગર પોણો ઇંચ સુધી વરસાદ વરસ્યો



**મુખ્ય સમાચાર,રાજકોટ**

સૌરાષ્ટ્ર-ગુજરાતમાં ગઈકાલે પણ ઠેર ઠેર ૦.૫ થી ૪ ઇંચ જેટલો વરસાદ વરસ્યો હતો. સૌથી વધુ ખંભાતમાં ૪ ઇંચ વરસ્યો હતો. જયારે સૌરાષ્ટ્રમાં ગાજવીજ સાથે જામનગર જિલ્લાનાં જામજોધપુરમાં પોણા બે, જામનગર શહેરમાં પોણો, પોરબંદર પંથકમાં ૦.૫, દ્વારકા જિલ્લામાં દોઢ અને કોટડાસાંગાણીમાં પોણો ઇંચ વરસાદ પડયો હતો.

જામનગર શહેર અને જિલ્લામાં અણધાર્યા વાતાવરણ પલ્ટાથી ચોમાસુ જામ્યું હોય તેવો મ્હોલ જામ્યો છે.જામનગર શહેરમાં ભારે પવન સાથેપોણો ઇંચ વરસાદ થતા અનેક વિસ્તારોમાં વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો. વાવાઝોડા જેવા પવન જનજીવન ઉપર અસર જોવા મળી હતી.જિલ્લામાં જામજોધપુરમાં પોણા બે ઇંચ વરસાદ,જ્યારે કાલાવડમાં ૫ ઇંચ વરસાદ,અને ધ્રોલ જોડિયામાં ચાર ચાર મિમી વરસાદ નોંધાયો હતો.

જામનગર જિલ્લામાં કલાવડ પંથકમાં સતત બીજા દિવસે પણ વરસાદ ગ્રામ્ય પંથકમાં થયાના અહેવાલો સાંપડી રહ્યા છે.તેવી જ રીતે લાલપુર, ધ્રોલ અને જોડિયા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ચાર મિમી જેટલો વરસાદ થતાં જગતનો તાત ચિંતામાં મુકાયો છે.ઉનાળા પાકને નુકશાની ભીતિ વ્યક્ત કરે છે.

પોરબંદરમાં ઘણા લાંબા સમય ની અસહ્ય ગરમી બાદ પોરબંદર શહેર અને આસપાસ ના વિસ્તારો માં આજે મોડી સાંજે કમોસમી વરસાદ પડી ગયો હતો લગભગ અડધા ઇંચ જેટલા પડેલા આ વરસાદ ને લઇ ને શહેર માં ઠંડક પ્રસરી હતી તો ખેડૂતો ચિંતામાં મુકાયા હતા તો રાજ્યોના અનેક સ્થળોએ કામોસમી વરસાદ પડી રહ્યો છે ત્યારે જીલ્લામાં ગઈકાલે બપોર બાદ કુતિયાણા પંથકમાં વરસાદ પડ્યો ધીમીધારે વરસાદ વરસતા કમોસમી વરસાદને લઈ ખેડૂતો ચિંતામાં મુકાયા છે.

ખંભાળિયા સહિત જિલ્લાના જુદા જુદા વિસ્તારોમાં હવામાન વિભાગની આગાહી મુજબ ગઈકાલે બુધવારે બપોર બાદ વાતાવરણમાં નોંધપાત્ર પલટો આવ્યો હતો. અને દોઢ ઇંચ સુધી વરસાદ વરસી જવા પામ્યો હતો. ગઈકાલે બુધવારે સાંજથી ખંભાળિયા શહેર સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં વાદળછાયુ વાતાવરણ છવાયું હતું. આ વચ્ચે સાંજે સાતેક વાગ્યે ખંભાળિયા જોરદાર વરસાદી ઝાપટા વરસી જતા માર્ગ પણ પાણી ચાલી નીકળ્યા હતા. આશરે અડધો કલાકના સમયગાળામાં ખંભાળિયામાં કુલ ૩૨ મી.મી. પાણી પડી ગયું હતું.

# ગંગોત્રી પાસે હેલિકોપ્ટર ક્રેશઃ ૫ શ્રદ્ધાળુઓના મોત

**મુખ્ય સમાચાર, દેહરાદૂન**

ચારધામ યાત્રા વચ્ચે ઉત્તરકાશી જિલ્લામાં ગુરુવારે એક હેલિકોપ્ટર ક્રેશ થયું હતું. આ અકસ્માતમાં પાંચ લોકોના મોત થયાના અહેવાલ છે. કહેવામાં આવી રહ્યું છે કે સાત સીટર હેલિકોપ્ટર ગંગોત્રી નજીક ક્રેશ થયું છે. પોલીસ અને વહીવટીતંત્રની સાથે, ડિઝાસ્ટર મેનેજમેન્ટ ટીમ પણ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે. ટીમ બચાવ કામગીરી કરી રહી છે.

પોલીસ, આર્મી ફોર્સ, ડિઝાસ્ટર મેનેજમેન્ટ QRT, ટીમ ૧૦૮ એમ્બ્યુલન્સ વાહનો ઘટનાસ્થળે પહોંચી ગયા છે. તહસીલદાર ભટવાડી, બીડીઓ ભટવાડી અને રેવન્યુ ટીમને પણ સ્થળ પર મોકલવામાં આવી છે. ગંગાણીની આગળ નાગ મંદિર નીચે ભાગીરથી નદી પાસે હેલિકોપ્ટર ક્રેશ થયું છે.



આ હેલિકોપ્ટર ખાનગી કંપની એરો ટ્રિંકનું હતું અને તેમાં સાત લોકો સવાર હતા. આ અકસ્માતમાં બે મુસાફરો ઘાયલ થયા છે. ઉલ્લેખનીય છે કે ઉત્તરાખંડમાં છેલ્લા કેટલાક દિવસોથી હવામાન ખરાબ છે. હવામાન વિભાગે ઘણા જિલ્લાઓમાં વાવાઝોડાની ચેતવણી જારી કરી છે. ચારધામ યાત્રાના રૂટ પર ઘણી જગ્યાએ વરસાદ પડી રહ્યો છે. કેટલીક જગ્યાએ ગાજવીજ સાથે કરા પણ પડ્યા છે.

# જામનગર બ્લેકઆઉટ દરમિયાન જિલ્લાના નાગરિકોએ દાખવ્યું સ્વયંભૂ શિસ્તનું ઉત્કૃષ્ટ ઉદાહરણ





**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર મોકડ્રિલ અને બ્લેકઆઉટ દરમિયાન તંત્રને પૂરતો સહયોગ આપવા બદલ જિલ્લાના નાગરિકો પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરતાં જિલ્લા કલેક્ટર કેતન ઠક્કર.ઓપરેશન અભ્યાસ અંતર્ગત દેશભરમાં આયોજિત બ્લેકઆઉટમાં જામનગર જિલ્લાના નાગરિકોએ રાત્રે ૮.૦૦ થી ૮.૩૦ સુધી સંપૂર્ણ અંધારપટ પાળીને અપ્રતિમ સ્વયંશિસ્તનું ઉદાહરણ પૂરું પાડ્યું છે. સામાન્ય રીતે ઉદ્યોગો અને વ્યાપારથી ધમધમતા જામનગર શહેરે દેશ માટે સંપૂર્ણ સહકાર આપતા તમામ પ્રકારની લાઈટો બંધ રાખીને રાષ્ટ્ર પ્રત્યેની પોતાની નિષ્ઠા દર્શાવી હતી. આ ઘટનાએ સાબિત કર્યું છે કે જ્યારે દેશ સામે કોઈ પણ પ્રકારનું જોખમ આવે ત્યારે જામનગર જિલ્લો એક થઈને તેનો સામનો કરવા માટે હંમેશાં તૈયાર છે.બ્લેકઆઉટ પહેલાં, જિલ્લા પોલીસ, ફાયર વિભાગ અને મહાનગરપાલિકાના કર્મચારીઓએ શહેરના વિવિધ વિસ્તારોમાં જઈને નાગરિકોને બ્લેકઆઉટના હેતુ અને તેના મહત્વ વિશે માહિતી આપી હતી. આ ઉપરાંત, બ્લેકઆઉટ દરમિયાન શું કરવું જોઈએ અને શું ટાળવું જોઈએ તે અંગેની સરકારની સૂચનાઓનું પણ પાલન કરવા માટે અનુરોધ કરવામાં આવ્યો હતો, જેને જામનગરના જાગૃત નાગરિકોએ સંપૂર્ણપણે અનુસર્યું હતું.જિલ્લા કલેક્ટર કેતન ઠક્કરે આ સફળ બ્લેકઆઉટ માટે જામનગર જિલ્લાના નાગરિકોનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો. તેમણે જણાવ્યું હતું કે મોકડ્રિલ અને બ્લેકઆઉટ દરમિયાન નાગરિકોએ જે સ્વયંભૂ શિસ્ત અને સહકાર દર્શાવ્યો છે તે ખરેખર અભૂતપૂર્વ છે અને તે જામનગરની એકતા અને રાષ્ટ્ર પ્રત્યેની તેમની ઊંડી લાગણીનું પ્રતિબિંબ છે.આમ, જામનગર જિલ્લાના નાગરિકોએ એકત્ર થઈને રાષ્ટ્રીય ફરજમાં સહભાગી બનીને દેશપ્રેમ અને શિસ્તનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

# મોરબીમાં સગીરા પર દુષ્કર્મના કેસમાં ફાસ્ટ ટ્રેક કોર્ટનો નોંધપાત્ર ચુકાદોઃ મુખ્ય આરોપીને ૨૦ વર્ષની સજા

## બાકીના બે આરોપીઓને ૫ વર્ષની કેદ અને દંડની સજા, ભોગ બનનારને વળતર ચુકવવા પણ કોર્ટનો હુકમ



વકીલ

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી વર્ષ ૨૦૧૭ માં સગીરા પર દુષ્કર્મના કેસમાં મોરબી ફાસ્ટ ટ્રેક સ્પેશિયલ કોર્ટે મહત્વપૂર્ણ ચુકાદો જાહેર કર્યો છે. જેમાં મુખ્ય આરોપીને ૨૦ વર્ષની સખ્ત કેદ અને દંડ ફટકારાયો છે, જ્યારે અન્ય આરોપીઓ જેમાં એક મહિલા સહિતના બે આરોપીઓને ૫-૫ વર્ષની સજા આપવામાં આવી છે. કોર્ટએ ભોગબનનારને રૂ. ૫.૮૦ લાખનું વળતર ચુકવવાનો પણ હુકમ કર્યો છે.

મોરબી શહેરમાં સગીરા પર દુષ્કર્મના ગંભીર કેસમાં મહત્ત્વપૂર્ણ ચુકાદો આવ્યો છે. કેસની વિગત મુજબ, તા. ૨૪ મે ૨૦૧૭ ના રોજ ફરીયાદીની ૧૫ વર્ષની દિકરીને આરોપીઓએ વાલીપણામાંથી કેટરસના બહાને અપહરણ કરી ચોટીલા લઈ ગયા હતા. ત્યાં મુખ્ય આરોપી કાંતિલાલ અવચરભાઈ ડાભી રહે.મોરબી કંડલા બાયપાસ મેઈન કેનાલ રોડ પાનેલીની વાડીવાળાએ સગીરા ઉપર વારંવાર દુષ્કર્મ ગુજાર્યું હતું. આરોપી ભારતીબેન રામજીભાઈ હડિયલ રહે.મોરબી વાવડી રોડ ગણેશનગર અને આરોપી જીવરાજભાઈ ધનજીભાઈ પરમાર રહે.મોરબી દુલાની વાડી અવનીપાર્ક કેનાલ રોડ વાળાએ પીડિતાને ધમકી આપી હતી કે જો આ મામલે કોઈને જાણ કરશે તો તને અને તારા પરિવારને જાનથી મારી નાખીશું. આ કેસ મોરબી સીટી એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયો હતો. મામલાની ગંભીરતાને ધ્યાનમાં રાખી પોકસો કેસનો ઝડપી નિરાકરણ લાવવા ફાસ્ટ ટ્રેક કોર્ટે કાર્યવાહી હાથ ધરી હતી.

ત્યારે આ કેસમાં સરકારી વકીલ એન.ડી કારીયાની કાયદાકીય દલીલ અને તબીબી પુરાવાને ધ્યાને લઈને કોર્ટ દ્વારા આપેલ ચુકાદા મુજબ, મુખ્ય આરોપી કાંતિલાલ ડાભીને ૨૦ વર્ષની સખ્ત કેદ અને રૂ. ૨૦ હજાર દંડ ફટકારાયો છે. જો દંડ ન ભરાય તો ૩ મહિનાની વધારાની કેદની સજા. આરોપી જીવરાજભાઈ અને ભારતીબેનને ૫-૫ વર્ષની સખ્ત કેદ અને પ્રત્યેકને રૂ. ૨૦ હજાર દંડ ફટકારાયો છે, તથા દંડ ન ભરાય તો વધારાની ૩ મહિનાની કેદ. સાથે સાથે, ગુજરાત સરકારની વળતર યોજનાના અનુસંધાને કોર્ટએ ભોગબનનારને કુલ રૂ. ૫.૮૦ લાખ વળતર ચુકવવાનો પણ હુકમ આપ્યો છે.

## જામનગર શહેરના ક્રિસ્ટલ મોલ, તથા સિક્કા થર્મલ પાવર સ્ટેશન ખાતે હવાઈ હુમલાની જાણકારી મળતા જ

# જામનગર જિલ્લા તંત્રએ યુદ્ધના ધોરણે બચાવ અને રાહત કામગીરી હાથ ધરીઃ મોકડ્રીલ યોજાઈ







**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર શહેરના ક્રિસ્ટલ મોલ, તથા સિક્કા થર્મલ પાવર સ્ટેશન ખાતે હવાઈ હુમલો થયો હતો.જેમાં જિલ્લા કંટ્રોલરૂમ તથા પોલીસ કંટ્રોલરૂમ ખાતે ફોન મારફત ઉપરોક્ત સ્થળો પર હવાઈ હુમલો થવાના કારણે તે ક્ષતિગ્રસ્ત થયા અંગેની જાણકારી મળી હતી. જેના પગલે સાઈરન વગાડીને હવાઈ હુમલો થવા અંગેની જાહેર જનતાને જાણકારી આપવામાં આવી હતી. સાઈરનનો સંકેત મળતાની સાથે જ શહેરના નાગરિકોએ નજીકના સુરક્ષિત સ્થળે આશ્રય મેળવ્યો હતો.જિલ્લાના વિવિધ સ્થળોએ હવાઈ હુમલા અંગેની જાણકારી મળતા જ સમગ્ર જિલ્લા તંત્ર એલર્ડ મોડ પર આવી ગયું હતું. જિલ્લા કલેક્ટર કેતન ઠક્કર, મ્યુનિસિપલ કમિશનર ડી.એન.મોદી, જિલ્લા વિકાસ અધિકારી વિકલ્પ ભારદ્વાજ, પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલુ સહિત વિવિધ વિભાગોના ઉચ્ચ અધિકારીઓ તાત્કાલિક ઘટના સ્થળે આવી પહોચ્યા હતા.ગણતરીની મીનીટમાં જ ફાયર, સિવિલ ડિફેન્સ તથા પોલીસની ટીમો એમ્બ્યુલન્સ સહિતના આધુનિક સંસાધનો સાથે ઘટના સ્થળે આવી પહોચી હતી. વિવિધ ટીમો અને આપદામિત્રોની મદદથી અસરગ્રસ્ત સ્થળે હાજર નાગરિકોને બચાવવાની કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરાઈ હતી. ઈમર્જન્સીના ભાગરૂપે જિલ્લા તંત્ર દ્વારા ગુરુ ગોવિંદસિંઘ સરકારી હોસ્પિટલ તથા જાખર ખાતે ઉભી કરવામાં આવેલ ટેમ્પરરી હોસ્પિટલ ખાતે ઘાયલો તથા રેસ્ક્યુ કરાયેલા નાગરિકોને એમ્બ્યુલન્સ મારફત સુરક્ષિત ખસેડવામાં આવ્યા હતા. આ ઘટનામાં ૩૦ જેટલા નાગરિકો ઘવાયા હતા જેમને તાત્કાલિક હોસ્પિટલ પહોંચતા કરવામાં આવ્યા હતા.જ્યારે ૫૦૦ જેટલા લોકોને રેસ્ક્યુ કરી સુરક્ષિત આશ્રયસ્થાને લઈ જવાયા હતા. આશ્રયસ્થાને મેડિકલની ટીમ દ્વારા ઘાયલોને સારવાર આપવામાં આવી હતી.જિલ્લા વિકાસ અધિકારીના માર્ગદર્શન હેઠળ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં પણ મોકડ્રિલનું સફળ આયોજન કરાયું હતું જેમાં ગ્રામજનોએ અભૂતપૂર્વ પ્રતિસાદ આપી તંત્રને સહયોગ કર્યો હતો.

નોંધનિય છે કે, ભારત સરકારના મીનીસ્ટ્રી ઓફ હોમ અફેર્સ દ્વારા આજરોજ સિવિલ ડીફેન્સ મોકડ્રીલનું આયોજન કરવાની સૂચના આપવામાં આવી હતી. જે અન્વયે જામનગર જિલ્લા સહિત ગુજરાત રાજ્યના ૧૮ જિલ્લાઓમાં ઓપરેશન અભ્યાસ. મોકડ્રિલ યોજાઈ હતી.

# મોરબીમાં સામાન્ય બાબતે યુવાનને પેટમાં છરીનો ઘા ઝીકયો

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીમાં ફરી અસામાજિક અને ગુંડાતત્વોએ માથું ઉચકયું છે, જેમાં મોરબીના ગાંધી ચોકમાં સામાન્ય બાબતે યુવકને જેમફાવે તેમ ગાળો આપી, છરીનો એક ઘા પેટમાં મારી દેતા યુવકને સારવ-ારમાં સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો, ત્યારે બનાવ અંગે એ ડિવિઝન પોલીસે માથાભારે આરોપી વિરુદ્ધ ગુનો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ, મોરબી શનાળા રોડ હાઉસિંગ બોર્ડમાં રહેતા હાર્દિકભાઈ કાનાભાઈ મકવાણા ઉવ.૨૮ એ આરોપી જીગ્નેશ બોરીચા રહે.લીલાપર રોડ બોરીચાવાસ મોરબીવાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે, ગઈ તા.૦૬/૦૫ ના રાત્રીના સાડા દસ વાગ્યા આસપાસ હાર્દિકભાઈ અને તેના મોટાબાપુનો દીકરો કિશનભાઈ એમ બન્ને ગાંધીચોક ખાતે ગાંઠિયા લેવા ગયા હતા, ત્યારે ઉપરોક્ત આરોપી જીગ્નેશ બોરીચા ત્યાં તેની નંબર પ્લેટ વગરની ફોરવ્હીલ કારમાં આવ્યો હતો, અને આરોપી તેના મોટાબાપુના દીકરા કિશન સાથે વાત કરતો હોય ત્યારે હાર્દિકભાઈએ કિશનભાઈને ગાંઠિયા લેવાનું કહેતા, આરોપી એકદમ ઉશ્કેરાઈને હાર્દિકભાઈને ગાળો આપી છરીનો પેટમાં એક ઘા મારી ગંભીર ઇજા પહોંચાડી હતી, ત્યારે બનાવ બાદ કિશનભાઈ તેના કુટુંબી ભાઈને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખાતે લઈ ગયો હતો. સમગ્ર બનાવ બાદ હાર્દિકભાઈની ફરિયાદને આધારે એ ડિવિઝન પોલીસે આરોપી સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીના ખાખરાળા ગામે હત્યા કેસનો આરોપી ઝડપાયોઃ તાલુકા પોલીસે અમદાવાદમાંથી પકડી પાડ્યો



**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી તાલુકાના ખાખરાળા ગામમાં બનેલ હત્યાના કેસમાં મોરબી તાલુકા પોલીસે આરોપી મુળુભાઈ ઉર્ફે સાગર ડાંગરને અમદાવાદથી ઝડપી લીધો છે. હત્યાની ઘટનામાં આરોપીએ કિશનભાઈને છરીના ઘા મારી ગંભીર ઇજાઓ પહોંચાડી મોત નિપજાવ્યું હતું.

મોરબી તાલુકાના ખાખરાળા ગામમાં થોડા સમય પહેલા એક ખૂનનો ગંભીર બનાવ બન્યો હતો. જેમાં કિશનભાઈ નામના આશાસ્પદ યુવાનને આરોપી મુળુભાઈ ઉર્ફે સાગર આયદનભાઈ ડાંગર, રહે. સતનામ સોસાયટી, નાની વાવડી, મોરબી મૂળ રહે.ખાખરાળા વાળાએ કોઈ અંગત રાગદ્વેષના કારણે હત્યા નિપજાવી હતી, ઘટના દિવસે આરોપીએ કિશનભાઈ સામે બંદૂક તાકી ફાયર કરવાનો પ્રયાસ કર્યો હતો, જો કે ફાયર ન થતા આરોપીએ પોતાના પાસે રહેલી છરી વડે કિશનભાઈના છાતી, ખભા, હાથ અને અન્ય ભાગોમાં ગંભીર ઘા ઝીંકી તેમને ગંભીર ઇજાઓ પહોંચાડી હતી, જે કારણે કિશનભાઈનું ઘટનાસ્થળે જ મોત થયું હતું.

હત્યા બાદ આરોપી ફરાર થઈ ગયો હતો. મોરબી તાલુકા પોલીસ મથક પીઆઇ એસ.કે. ચારેલની આગેવાની હેઠળ પોલીસે આરોપીની ધરપકડ માટે અલગ-અલગ ટીમો બનાવી અને હ્યુમન તેમજ ટેકનિકલ સોર્સને આધારે તપાસ ચલાવી હતી. દરમિયાન ખાનગી બાતમીને આધારે આરોપી અમદાવાદના ગીતા મંદીર બસ સ્ટેશન ખાતે આવવાનો હોય જેથી પોલીસે વોચ ગોઠવી અને આરોપીને અમદાવાદ ગીતા મંદિર બસ સ્ટેન્ડ ખાતેથી ઝડપી લઈ, હસ્તગત કરી આગળની કાર્યવાહી ચલાવી છે.

# સાયબર ફ્રોડ વોટ્સએપ મેસેજ દ્વારા મોબાઈલ હેક કરી મહિલાનુ બેંક ખાતું સાફ કરાયુંઃ ૫.૫૦ લાખ રૂપિયાની ઓનલાઈન ઠગાઈ

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીમાં સાયબર ફ્રોડના કિસ્સામાં મહિલાના બેંક ખાતામાંથી અજાણ્યા સાઈબર ઠગોએ રૂ. ૫.૫૦ લાખની રકમ ઓનલાઇન ઠગાઈથી ઉપાડી લીધી હતી, જેમાં મોબાઈલમાં અજાણ્યા નંબરમાંથી આવેલ વોટ્સએપ મેસેજ ઓપન કરતાની સાથે જ મોબાઇલ હેક થઈ ગયો હતો, અને વિવિધ બેંક ખાતામાં રૂપિયા ૫.૫૦ લાખની માતબર રકમ ટ્રાન્સફર કરી લઈને બેંક ખાતું સાફ કરવામાં આવ્યું હતું. હાલ ભોગ બનનાર મહિલા દ્વારા પ્રથમ સાયબર ક્રાઈમ હેલ્પ લાઇનમાં ફરિયાદ બાદ સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધવાઈ છે.

મોરબીના રવાપર રેસીડન્સી, મધર પાર્ક, દેવદીપ એપાર્ટમેન્ટના ફ્લેટ નં. ૩૦૨ ખાતે રહેતા રસીલાબેન સતીષભાઈ પનારાએ પોલીસમાં સાયબર ફ્રોડ અંગે ફરિયાદ નોંધાવી છે કે, ગઈ તા. ૮ એપ્રિલ ૨૦૨૫ના રોજ બપોરે આશરે ૩ વાગ્યે તેમના મોબાઇલમાં એક અજાણ્યા નંબર પરથી ઇન્ડુસ ઇન્ડ બેંકનો મેસેજ આવ્યો હતો. મેસેજ ખોલ્યા બાદ તેમનો મોબાઇલ હેક થઈ ગયો અને વોટ્સએપ બંધ થઈ ગયું હતું. ત્યારબાદ ફરી વોટ્સએપ ડાઉનલોડ કરતાં તેમાં ૨૪ કલાક રાહ જોવા જણાવાયું. આ દરમિયાન સાજે ૭ વાગ્યે તેમના મોબાઇલના ટેક્સ મેસેજમાં બેંકના મેસેજો આવવાના ચાલુ થઈ ગયા હતા, જેથી રસીલાબેને તેમના જેઠ ભાવેશભાઈ સાથે ઈ-મેઈલ ચેક કરતાં તેમના બેંક ખાતામાંથી મોટી રકમ ઉપડી ગઈ હોવાનું સામે આવ્યું હતું, જે બાદ બીજે દિવસે બેંક સ્ટેટમેન્ટ ચેક કરતાં રૂ. ૫,૫૦,૦૦૦/-ની રકમ ચાર અલગ-અલગ બેંક ખાતાઓમાં ટ્રાન્સફર થઈ ગઈ હતી. બંધન બેંકમાં રૂ. ૨ લાખ, એચડીએફસી ૧.૫૦ લાખ, એનએસડીએલ પેમેન્ટ્સ બેંકમાં ૧ લાખ, એચએસબીસી બેંકમાં ૧ લાખ, જે બાદ ભોગ બનનાર દ્વારા ઇન્ડુસ ઇન્ડ બેંકમાં લેખિત અરજી કરી અને સાઇબર ક્રાઈમ હેલ્પલાઇમાં ઓનલાઇન ફરિયાદ નોંધાવ્યા બાદ એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે, હાલ આ મામલે મોરબી પોલીસ તેમજ સાઇબર ક્રાઈમ વિભાગ દ્વારા વધુ તપાસ હાથ ધરાઈ છે.

# CUET-UGની ૧૩ મેથી ૩ જૂન સુધી પરીક્ષા લેવાશે



## એડમિટ કાર્ડ ઓનલાઈન મળશે, જેમાં હશે એકઝામ સેન્ટરની વિગત

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

કોમન યુનિ. એન્ટ્રેન્સ ટેસ્ટ (સીયુઈટી-યુજી) ૨૦૨૫ની પરીક્ષાની તારીખ જાહેર થઈ છે જે મુજબ ૧૩મેથી ૩ જૂન સુધી આ પરીક્ષા ચાલશે. આ પરીક્ષા માટે ૧૩.૫૫ લાખ છાત્રોએ આવેદનપત્ર ભર્યા છે. બધા ૩૭ વિષયોના પેપર કોમ્પ્યુટર બેઝડ ટેસ્ટ એટલે કે સીવીટી મોડમાં હશે. એનટીએએ કહ્યું હતું કે, એકઝામ સિટી સ્લિપ એડમિટ કાર્ડ નથી. એડમિટ કાર્ડ જયારે આવશે તો તેમાં એકઝામ સેન્ટરની ડિટેલ હશે અને છાત્રે એનટીએની વેબસાઈટ પરથી ડાઉન લોડ કરવું પડશે.

એન્ટીએના સૂત્રોનું કહેવું છે કે, સીયુઈટી-યુજી આ વખતે ૩૪ શિફટમાં પૂરી થશે અને દરરોજ ત્રણ ત્રણ કલાકની શિફટ હશે. સીયુઈટી માટે છાત્ર વધુમાં વધુ પાંચ વિષયોમાં આવેદન કરી શકે છે.

# જામનગરના કાલાવડ પંથકમાં પવનચક્કીઓમાંથી કોપર વાયરની ચોરી કરનાર બે ઝબ્બે



**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર કાલાવડના મોટી વાવડી તથા હકુમતી સરવાણીયા ગામની સીમમાં પવનચક્કીઓમાંથી ચોરાયેલા કોપર વાયર સાથે બે શખ્સને પોલીસે પકડી લીધા છે. આ શખ્સોએ ચોરીની કબૂલાત આપી ચોરાઉ વાયર, સાધનો તેમજ ચોરી કરવા માટે વાપરેલુ બાઈક કાઢી આપ્યું છે.કાલાવડ તાલુકાના મોટી વાવડી ગામની સીમમાં આવેલી એક પવનચક્કીની સાઈટ પરથી તેમજ હકુમતી સરવાણીયા ગામની સીમમાં બે પવનચક્કીમાંથી અર્થિંગના કોપર વાયરની ચોરી થયાની પોલીસમાં ફરિયાદ કરવામાં આવી હતી. પીઆઈ પીજી પનારા તથા સ્ટાફ દ્વારા તેની તપાસ આરંભાઈ હતી.તે દરમિયાન ઉપરોક્ત ચોરીઓમાં સંડોવાયેલા બે શખ્સ અરલા ગામથી મચ્છલી વડ ગામ તરફ જતા હોવાની બાતમી મળતા પોલીસ સ્ટાફ વોચમાં ગોઠવાયો હતો. જેમાં મૂળ ખેડા જિલ્લાના વતની અને હાલમાં પ્રભુજી પીપળીયા રોડ પર રહેતા શૈલેષ રમેશ ભાઈ ગોહિલ તથા વિમલ પ્રવીણભાઈ સોલંકી ઉર્ફે જગો નામના બે શખ્સ બાઈક પર પસાર થયા હતા.આ શખ્સોને રોકાવી પોલીસે ચેક કરતા આ શખ્સોએ ચોરાઉ ૩૬ મીટર વાયર કાઢી આપી ચોરીની કબૂલાત કરી છે. પોલીસે જીજે-૩-બીજી ૭૩૯ નંબરનું બાઈક, લોખંડની છીણી, હથોડી, ગ્રાઈન્ડર, તણી, ચોરાઉ વાયર મળી રૂ.૨ લાખ ૧૩૬૪૦નો મુદ્દામાલ કબજે કર્યો છે.

# મોરબીની પંચાસર ચોકડી નજીક ઈંગ્લીશ દારૂની એક બોટલ સાથે શખ્સ પકડાયો

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી સીટી એ ડિવિઝન પોલીસ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન પંચાસર ચોકડી નજીક કેનાલ પાસેથી આરોપી સૈલેષભાઇ ધરમસીભાઇ ભગવાનજીભાઇ કણજારીયા ઉવ.૨૮ રહે-દલવાડી સર્કલ મસાલની વાડી મોરબી વાળો ઈંગ્લીશ દારૂની વાઈટ સ્વાન ગ્રીન એપલ વોડકાની એક બોટલ કિ.રૂ.૫૦૦/-સાથે મળી આવ્યો હતો, જેથી તેની સ્થળ ઉપરથી અટકાયત કરી તેની વિરુદ્ધ એ ડિવિઝન પોલીસ મથકમાં પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી છે.

# મોરબીમાં વ્યાજખોરોએ ૮ લાખ આપી કરોડોની જમીનનો સોદાખત કરાવી લીધો

## ૮ લાખનું વ્યાજ અને પેનલ્ટી ૧ કરોડ ૩૫ લાખ, પોલીસમાં અરજી કરતા ૧૦ લાખમાં પતાવટ, પરંતુ જમીન હડપ કરવાની મેલી મુરાદ

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી સહિત રાજ્યમાં વ્યાજખોરો દ્વારા યેનકેન પ્રકારે લોકોની ઉભી થયેલ આર્થિક જરૂરિયાતની મજબૂરીનો ફાયદો ઉઠાવી ઉંચા વ્યાજે રૂપિયા આપી બાદ ચમડાતોડ વ્યાજની વસુલાત કરવા કોરા ચેક, જમીન, દુકાન પડાવી લેવાના અનિકો કિસ્સા સામે આવતા હોય છે, ત્યારે મોરબીમાં પણ આવા જ એક કિસ્સામાં વ્યાજખોરો દ્વારા વેપારી પ્રૌઢને વ્યાજે રૂપિયા ૮ લાખ આપી તેનું વ્યાજ અને પેનલ્ટી રૂપે ૧ કરોડ ૩૫ લાખ આપવાનું કહી કરોડો રૂપિયાની જમીનનો ધાક ધમકી અને બળજબરીપૂર્વક સોદાખત કરાવી લીધો છે, જે બાદ પોલીસમાં અરજી કર્યાનું જણાઈ આવતા, રૂપિયા ૧૦ લાખમાં પતાવટ કર્યા છતાં, કરોડોની જમીન હડફ કરી લેવાની વ્યાજખોરોની મેલી મુરાદને લઈ વેપારી દ્વારા સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા, પોલીસે બે આરોપીઓ વિરુદ્ધ નાણાં ધીરધાર અધિનિયમ તેમજ બીએનએસ કલમ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, મોરબીના રવાપર રોડ બોનીપાર્કમાં સપનાસૃષ્ટિ એપાર્ટમેન્ટમાં બ્લોક નં.૪૦૨ માં રહેતા સંજયભાઈ ધરમશીભાઈ અઘારા ઉવ.૫૨ એ આરોપી રમેશભાઈ દેવભાઈ બોરીચા રહે. મોરબી રવાપર ગામ તથા આરોપી મોહિતભાઈ રામભાઈ આગરીયા રહે.રાજકોટ શહેર વાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે ફરીયાદી સંજયભાઈ જે રવાપર ગામના વતની હોય અને આરોપી રમેશભાઈને ઓળખતા હોય જેથી આરોપી રમેશભાઈએ ફરીયાદીની મજબુરીનો લાભ લઇ આરોપી મોહિતભાઈ રહે રાજકોટવાળા સાથે મીલાપીપણુ કરી આરોપી મોહિતભાઈની ઓફીસ ખાતે સંજયભાઈને મોરબીથી લઇ જઇ પ્રથમ ૫ લાખ રોકડા અપાવી તથા બીજી વખત લઇ જઇ ૩ લાખ અપાવી કુલ ૮ લાખનો હિસાબ કરવાના બહાને સંજયભાઈને મોરબી ખાતેથી આરોપી રણેશભાઈ પોતાની કારમાં બેસાડી સંજયભાઈને મોતના ભયમાં મુકી બળજબરીથી અપહરણ કરી રાજકોટ ખાતે આરોપી મોહિતભાઈની ઓફીસે લઇ જઈ સંજયભાઈની સયુંકત માલીકીની રવાપર ગામના સર્વે નંબર ૧૮ પૈકી ૩ વાળી જમીનમાં નિકળતો ફરીયાદીનો હિસ્સો બળજબરીથી કઢાવી લેવા માટે સોદાખત(નોટરી) લખાણ કરાવી બળજબરીપૂર્વક સંજયભાઈની સહી લઇ ખોટો દિવાની દાવો દાખલ કરાવી ફરીયાદીને ડરાવી ધમકાવી તેના નીકળતા રૂપિયા કુલ ૮ લાખનું વ્યાજનું વ્યાજ ચડાવી તેમજ પેનલ્ટી ચડાવી ૧ કરોડ ૩૫ લાખ જેવી મોટી રકમની પઠાણી ઉઘરાણી કરી તેની અવેજમાં રૂપિયા ૧૦ લાખ લઇ હજુ સદરહું જમીન પચાવી પાડવા માટે એકબીજાએ સમાન ઈરાદો પાર પાડવા મદદગારી કરી જાનથી મારી નાખવાની ધમકી આપતા હોવાની ફરિયાદ નોંધાવી છે, હાલ પોલીસે બન્ને વ્યાજખોર આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# કટોકટીની સ્થિતિને પહોંચી વળવા રાજકોટ રેડક્રોસ પૂરતા બ્લડ સ્ટોક સાથે એલર્ટઃ ડૉ. દીપક નારોલા

રેડક્રોસ હવે બ્લડ બેન્કથી આગળ વધીને મેડિકલ સેવાઓ વિસ્તારી રહી છે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

હાલ પહલગાંવમાં થયેલા આતંકી હુમલા પછી દેશમાં સિવિલ ડિફેન્સની મોકડ્રીલનું આયોજન કરાયું છે અને વહીવટી તંત્ર, સુરક્ષા તંત્ર એલર્ટ મોડ પર છે, ત્યારે રાજકોટ રેડ ક્રોસ પણ પૂરતા બ્લડ સ્ટોક સાથે સજ્જ હોવાનું ચેરમેન ડૉ. દીપક નારોલાએ જણાવ્યું હતું.

૮મી મેના રોજ ''વિશ્વ રેડ ક્રોસ દિવસ'' છે. તેની પૂર્વ સંધ્યાએ રાજકોટ રેડ ક્રોસના ચેરમેન ડૉ. દીપક નારોલાએ વિશેષ મુલાકાતમાં કહ્યું હતું કે, એક સમય હતો કે રેડ ક્રોસ બ્લડબેન્કનો પર્યાય બની હતી. પરંતુ હવે રેડ ક્રોસની ઓળખ માત્ર તેના પૂરતી સીમિત નથી. આજે રેડ ક્રોસ દ્વારા અનેકવિધ મેડિકલ સેવાઓ સુચારુ રીતે ચાલી રહી છે.

તેમણે કહ્યું હતું કે, રાજકોટમાં રેડ ક્રોસ ડેન્ટલ ક્લિનિક, ક્લિનિકલ લેબોરેટરી, અદ્યતન ફિઝિયોથેરાપી સેન્ટર તેમજ બ્લડ બેન્કની સેવાઓ પૂરી પાડે છે. રેડ ક્રોસની અનેક બ્લડ બેન્ક એન.એ.બી.એચ.(નેશનલ એક્રેડીટેશન ફોર બોર્ડ ઓફ હોસ્પિટલ્સ)ની માન્યતા ધરાવે છે અને રાજકોટની બ્લડ બેન્ક દ્વારા આ માટે અરજી કરી દેવામાં આવી છે.

તેમણે ઉમેર્યું હતું કે, સામાન્ય રીતે ઉનાળામાં બ્લડની અછત રહેતી હોય છે, પરંતુ રાજકોટ રેડ ક્રોસની બ્લડ બેન્ક પોતાના આગવા પૂર્વાયોજન સાથે, વર્તમાનમાં કોઈપણ કટોકટીભરી પરિસ્થિતિ સર્જાય તો પૂરતા બ્લડ સ્ટોક સાથે એલર્ટ મોડ પર છે.

બ્લડ બેન્કની સેવાઓનો વિસ્તાર કરતાં હવે રેડક્રોસ દ્વારા દર ૧૦૦ કિલોમીટરના વિસ્તારમાં બ્લડ સ્ટોરેજ સેન્ટર બનાવાઈ રહ્યા છે. રાજકોટ જિલ્લામાં આવા ત્રણ સ્ટોરેજ કાર્યરત થઈ ગયા છે.

તેમણે કહ્યું હતું કે, ૮મી મે ''વિશ્વ રેડ ક્રોસ દિવસ'' સાથે ''થેલેસેમિયા દિવસ'' તરીકે પણ મનાવાય છે. થેલેસેમિયા પ્રીવેન્શન માટે ગુજરાત સમગ્ર દેશમાં મોડેલ સ્ટેટ બન્યું છે. આ મામલે સમગ્ર વિશ્વમાં ભારતનો પ્રોજેક્ટ બીજા ક્રમે રહ્યો છે. ગુજરાતમાં થેલેસેમિયા રોકવા ૪૦ લાખ ટેસ્ટ કરાયા હતા. જેમાં ૧૦ હજારથી વધુ સગર્ભાઓના ટેસ્ટ કરાયા હતા. રાજકોટ રેડક્રોસ દ્વારા થેલેસેમિક બાળકો માટે દર મહિને ૧૫૦ યુનિટ રક્ત આપવામાં આવે છે, એમ તેમણે ઉમેર્યું હતું.

રેડક્રોસની માનવતાવાદી સેવાકીય પ્રવૃત્તિ સાથે જોડવા શાળાઓમાં જૂનિયર રેડક્રોસ તથા કોલેજોમાં યૂથ રેડક્રોસ પ્રોગ્રામ ચલાવવામાં આવે છે. ઉપરાંત સંસ્થા સાથે સ્વૈચ્છિક રીતે સ્વયંસેવકો જોડાય છે, તેમને તાલીમ પણ આપવામાં આવે છે.

# રાજકોટ જિલ્લામાં ચાલી રહેલા વિવિધ વિકાસ કામોની સમીક્ષા બેઠક યોજાઈ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

જિલ્લા કલેકટર પ્રભવ જોશીના અધ્યક્ષસ્થાને કલેકટર કચેરી ખાતે રાજકોટ જિલ્લાના વિકાસના વિવિધ કામોની સમીક્ષા બેઠક યોજાઇ હતી.

આ બેઠકમાં જિલ્લા કલેકટરએ વિકાસના વિવિધ કામોની અધિકારીઓ પાસેથી વિગતો મેળવી સમીક્ષા કરી હતી. જેમાં રેલ્વે ઓવરબ્રિજ તથા ઘંટેશ્વર-પરાપીપળીયા એમ્સ રોડ, માધાપર ઓવરબ્રિજ પાસે બાયપાસની કામગીરી, ભાવનગર-રાજકોટ સ્ટેટ હાઈવેનું રીસરફેસિંગ, કોટડા સાંગાણી બાયપાસ રોડ, મહુવા-સાવરકુંડલા- બગસરા-વડીયા-જેતપુર ધોરીમાર્ગ નંબર ૩૫૧ ડીમાર્કેશન, ઉપલેટા-કોલકી-મોટી પાનેલી બાયપાસ રોડ, તાલુકા મથકે સ્પોર્ટ્સ ગ્રાઉન્ડ બનાવવા, નલ સે જલ યોજના તેમજ ૧૫માં નાણાપંચની યોજનાઓ, અમૃત ૨.૦ સ્વેપ-૨ યોજના કન્વેન્શન સેન્ટર તથા આઈ.ટી.પાર્ક માટેની જગ્યા આઈડેન્ટીફાય કરવા, માખાવડ-પીપરડી-છાપરા જી.આઈ.ડી.સી. આણંદપર ખાતે જેમ્સ એન્ડ જ્વેલરી પાર્ક, ન્યુ ચિલ્ડ્રન હોમ ફોર બોય્ઝ એમ.જી. હોસ્ટેલ, પથિકાશ્રમ રીનોવેશન, ઉપલેટા મહેસુલ ભવન, રાજકોટ ખાતે ડેપ્યુટી કલેકટર કેટેગરીના D-1 ટાઈપ-૯ ના આવાસ સહિત જિલ્લામાં વિકાસના કામોની સમીક્ષા કરી કલેકટરએ અધિકારીઓને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

આ બેઠકમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક એ.કે.વસ્તાણી, આસિસ્ટન્ટ કલેકટર મહેક જૈન, સર્વ પ્રાંત અધિકારીઓ સહિત વિવિધ કચેરીઓના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પંચાયતનગર સોસાયટીમાં જીવડા-પોરાવાળા પાણીનું વિતરણ

**મુખ્ય સમાચાર,રાજકોટ**



રાજકોટ મહાનગર પાલિકા ના ભાજપી સત્તાધીશો મહિનાઓથી ગંદુ દુર્ગંધયુક્ત ગટર ના પાણી ભળેલું પાણી વિતરણ કરતા હતા , પરિણામે ઝાડા ઉલટી કોલેરા જેવા પાણીજન્ય રોગો ખુબ વકર્યા અને પંદરસો રૂપિયા પાણી વેરો ભરતા રાજકોટ ના લોકો માંદા પડ્યા પરંતુ આટલુ ઓછું હોય તેમ હવે જીવડા પોરા વાળું પાણી વિતરણ કરવાનું શરૂ કર્યું છે , આવું પાણી લોહી મા ભળે એટલે માણસ કોઈ ગંભીર બીમારી નો ભોગ બની મૃત્યુ પામે તેવો આક્ષેપ જાગૃત નાગરિક તુષિત પાણેરી કરી હતી

એકાદ વર્ષ થી એવો એકપણ દિવસ નહિ હોય જ્યારે રાજકોટ ના કોઈને કોઈ વિસ્તાર મા દુર્ગંધ વાળું ડહોળું ગંદુ પાણી વિતરણ થયા ના સમાચાર અખબાર મા પ્રકાશિત ન થયા હોય તેવું તેમણે જણાવ્યું હતું

હજી દોઢ બે મહિના પહેલા વોર્ડ નંબર ૧૦ મા પંચાયત નગર સોસાયટી, શારદા નગર સોસાયટી, વિમલ નગર, ગુલમહોર પાર્ક, શિવશકિત કોલોની, શિલ્પન વિલા, વોર્ડ નંબર ૧૨ મા ઉદય નગર, લક્ષ્મીનગર, કાલાવડ રોડ પર સ્વામિનારાયણ મંદિર પાછળ આવેલ સહકાર નગર સોસાયટી, વોર્ડ નંબર ૭ મા સર્વેશ્વર ચોક વગેરે જેવા અનેક વિસ્તારો મા ગંદુ દુર્ગંધયુક્ત પાણી આવતુ હોવાની વ્યાપક પ્રમાણ મા ફરિયાદો ઉઠી હતી.

ટી આર પી ગેમઝોન મા લાગેલી ભાજપના ભ્રષ્ટાચારની આગ મા સળગાવીને માર્યા, ઇન્દિરા સર્કલે સિગ્નલ પર ઊભા હતા ત્યાં સિટી બસ હડફેટે કચડીને માર્યા, દોઢસો ફૂટ રીંગ રોડ પર બિગ બઝારની સામે એટલાન્ટિસ બિલ્ડિંગ મા ફાયર સેફ્ટી ના અભાવે ત્રણ ગરીબોના કરૂણ મોત નીપજ્યા , રૈયા ટેલિફોન એક્સચેન્જ પાસે રાજકોટ મહાનગરપાલિકા એ ખોદેલા ખુલ્લા ખાડા મા પડતા એક યુવક નો જીવ ગયો છ્તા આ રાક્ષસો ધરાયા નથી લાગતા , હવે શું આ રાજકોટ મનપાના સત્તાધીશો ગંદુ ડહોળું પોરા વાળું પાણી પીવડાવી , લોકો ને બીમાર પાડી મારી નાખવા માંગે છે તેવુ અહીંના રહેવાસીઓએ જણાવ્યું હતું

આ બાબતે આર એમ સી કમ્પલેન સેન્ટર મા ફરિયાદ લખાવી છે જે તેમજ રાજકોટ મહાનગર પાલિકાના કમિશનર, ડેપ્યુટી કમિશનર ને પણ નોંધાવેલી ફરિયાદ નો મેસેજ મોકલી આપ્યો છે પરંતુ હજુ સુધી કોઈ પગલા લેવાયા નથી.

# રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તા.૧૧ના ''સાયકલોથોન''નું આયોજન

**મુખ્ય સમાચાર,રાજકોટ**



મેયર નયનાબેન પેઢડીયા, ડે. મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર, મ્યુનિ. કમિશનર તુષાર સુમરા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, શાસક પક્ષ દંડક મનીષભાઈ રાડીયા અને સમાજ કલ્યાણ સમિતિના ચેરમેન સુરેન્દ્રસિંહ વાળા સંયુક્ત યાદીમાં જણાવે છે કે, શહેરી વિકાસ વર્ષની ઉજવણીના ભાગરૂપે "Healthy Gujarat - Obesity Free Gujarat" અંતર્ગત રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રોટરી કલબ ઓફ રાજકોટ મીડટાઉન અને રાજકોટ સાઈકલ ક્લબના સહયોગથી આગામી તા.૧૧-૦૫-૨૦૨૫ને રવિવારના રોજ આર્ટ ગેલેરી પાસે, રેસકોર્ષ ખાતે સાયકલોથોનનું આયોજન કરવામાં આવેલ છે. આ સાયકલોથોનમાં ભાગ લેનાર સાયકલીસ્ટોએ સવારે ૦૬૦૦ કલાકે સ્થળ પર જ રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. આ સાયકલોથોનમાં ભાગ લેનાર સાયકલીસ્ટોએ બહુમાળી ભવન બાજુના ગેઈટમાંથી એન્ટ્રી લેવાની રહેશે.

આ સાયકલોથોનમાં ૧૦ કિ.મી.નો રૂટ રાખવામાં આવશે, આ સાયકલોથોનમાં જોડાનાર સાયકલીસ્ટો માટે લક્કી ડ્રો થી પ્રોત્સાહક ઈનામ તરીકે ૧૦ પાર્ટીશીપન્ટને સાયકલનું ઈનામ આપવામાં આવશે. તમામ સાયકલીસ્ટો માટે લીંબુ પાણીની વ્યવસ્થા કરવામાં આવશે.

આ સાયકલોથોનમાં વધુને વધુ સાયકલીસ્ટો, શહેરીજનો તેમજ એન.જી.ઓ. જોડાઈ તે માટે રાજકોટ મહાનગરપાલિકાના પદાધિકારીઓ અને અધિકારીઓ દ્વારા અનુરોધ કરવામાં આવે છે.

# રાજકોટ જિલ્લામાં કૂપોષિત બાળકોના ટી.બી.નું સ્કીનિંગ કરાશે

જિલ્લા આરોગ્ય સોસાયટીની કાર્યકારી સમિતિની બેઠકમાં ડી.ડી.ઓ. દ્વારા અપાઈ સૂચના

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોંવિદના અધ્યક્ષસ્થાને જિલ્લા આરોગ્ય સોસાયટીની કાર્યકારી સમિતિની બેઠક યોજવામાં આવી હતી. જેમાં જિલ્લામાં આરોગ્ય સેવાઓને વધુ સુદ્રઢ બનાવવા માટે સૂચના આપવામાં આવી હતી.

જિલ્લા પંચાયત ખાતે ગતરોજ યોજાયેલી બેઠકમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી આર. આર. ફુલમાલી, આર.સી.એચ.ઓ., પ્રોગ્રામ ઓફિસર, તમામ જિલ્લા હોસ્પિટલના અધ્યક્ષો, તાલુકા હેલ્થ ઓફિસરો તથા ચીફ ઓફિસરો ઉપસ્થિત રહ્યા હતા.




આ બેઠકમાં આરોગ્ય વિષયક જુદા-જુદા કાર્યક્રમોની સમીક્ષા કરવામાં આવી હતી. જેમાં SAM (severely acute malnutrition) અને MAM (Moderate Acute Malnutrition) બાળકોનું ટીબીનું સ્કિનિંગ કરવા અંગે જિલ્લા ક્ષય અધિકારીને સૂચના આપવામાં આવી હતી.

ઉપરાંત સગર્ભા માતા અને બાળકને મળતા પોષણ સહાયના તમામ લાભો મળે તે અંગે આઈ.સી.ડી.એસ. સાથે સંકલન કરવા, માતા અને બાળ મરણ અંગેની માહિતી ૨૪ કલાકમાં સરકારી તથા પ્રાઈવેટ હોસ્પિટલમાંથી તાત્કાલિક મેળવવા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીને સૂચના આપવામાં આવી હતી.

કોમ્યુનિકેબલ ડીસીઝ જેવા કે ટીબી, મેલેરિયા, ડેન્ગ્યુ, ચિકનગુનિયા, એચ.આઈ.વી. એઈડ્સ, તથા નોન કોમ્યુનિકેબલ જેવા કે બીપી, ડાયાબીટીસ, હાઈપર ટેન્શન, કેન્સર, તથા ટેલી મેડિસીન જેવી સેવાઓ સમયસર મળી રહે તે અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

જિલ્લામાં રસીકરણ જેવી સેવાઓ અને નોંધાયેલી માતા અને બાળ આરોગ્યની સંભાળ વધુ સુદ્રઢ બનાવવા, જરૂરિયાતમંદ લાભાર્થીઓ PMJAY કાર્ડથી વંચિત ના રહે, બાકી રહેલા લાભાર્થીઓના ABHA કાર્ડ કઢાવવા સૂચના આપવામાં આવી હતી. આ સાથે આરોગ્યની સેવાઓ આપતી જુદી જુદી સંસ્થાઓના બાંધકામ વિશે ચર્ચા કરવામાં આવી હતી.

# કલેકટર પ્રભવ જોશીના અધ્યક્ષસ્થાને વર્ષાઋતુ પ્રી મોન્સુન પ્રીપેર્ડનેસનાં આયોજન અંગેની બેઠક યોજાઇ

**તાલીમી માનવબળ, અનાજ પુરવઠો, આરોગ્ય, બચાવ-રાહત સાધનો, વીજળી, સંદેશાવ્યવહારના સાધનોના સેટ-અપ વગેરેની સમીક્ષા કરી જરૂરી સૂચનો અપાયા**

**મુખ્ય સમાચાર,રાજકોટ**

જિલ્લા કલેક્ટર પ્રભવ જોશીના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરી સભાગૃહ ખાતે વર્ષાઋતુ-૨૦૨૫ પ્રી-મોનસુન પ્રીપેર્ડનેસનાં આયોજન અંગેની બેઠક યોજાઈ હતી.

ભારે વરસાદ/વાવાઝોડાના સમયે અધિકારીશ્રીઓએ આપસમાં સંકલનથી કામ કરી કુદરતી આપત્તિની ઓછામાં ઓછી અસર અનુભવાય, તે રીતે કામ કરવાના આગોતરા આયોજન અંગે જિલ્લા કલેકટરએ ઉપસ્થિત અધિકારીઓને માર્ગદર્શન આપ્યું હતું.

વર્ષાઋતુ અગાઉ કરવાની કામગીરી જેમ કે, બચાવ અને રાહત કામગીરી, અનાજ અને પુરવઠાની જાળવણી, વીજળી, આરોગ્ય, ગ્રામ્ય કક્ષાએ જરૂરી ટીમ-સ્ટાફ, સાધનો, ભારે વરસાદની સ્થિતિમાં લેવાના તકેદારીના પગલાં, સ્થાનિક તરવૈયાઓની યાદી, વિવિધ બિન સરકારી સંસ્થાઓની યાદી, વોંકળા-નદીપટની સફાઈ, પશુઓને ઘાસચારો તેમજ આપત્તિના સમયે જરૂરી સંસાધનોનો ઉપયોગ કઈ રીતે કરવો તે અંગે આ બેઠકમાં ચર્ચા કરાઈ હતી.

ઉપરાંત, જરૂરી સ્થળો પર વાયરલેસ નેટવર્ક ગોઠવવા, તાલુકા કક્ષાએ ફ્લડ કંટ્રોલ યુનિટ, તેમજ લાયઝન અધિકારીની નિમણૂક કરવા, સાવચેતી અંગેના સંદેશા ગ્રામ્ય કક્ષા સુધી તાત્કાલિક પહોંચાડવા, કોઝવે પર સાઈન માર્ક કરવા, નીચાણવાળા વિસ્તારની અને વૈકલ્પિક રસ્તાઓની યાદી તૈયાર કરવા,પી.જી.વી.સી.એલ. દ્વારા વીજળીના તૂટેલા તાર-જોખમી ઝૂકેલા વીજ પોલ નિકાલની કામગીરી, ડેમ કેનાલની ચકાસણી, આવશ્યક મટીરીયલ, રસ્તા બંધ થતાં વૃક્ષો હટાવવા-કાપવાના સાધનો, અનાજ પુરવઠાની જાળવણી, આરોગ્ય કેન્દ્રો-હોસ્પિટલો ખાતે સાધનો-દવાઓ, કલોરિનેશન, રોગચાળો ફેલાતો અટકાવવા જંતુનાશક દવાઓના જથ્થા, માનવબળ વગેરે ચર્ચા કરવામાં આવી હતી.

આપત્તિના સમયે એક પણ માનવ કે પશુના મૃત્યુ ન થાય તે માટે આગોતરા આયોજન કરી સર્વે ટીમની રચના કરવા અંગે આ બેઠકમાં વિચારણા કરાઈ હતી.

ઉપરાંત તાલીમી માનવ બળ અને રેસક્યુના સાધનો ઉપલબ્ધ રાખવા સુચના આપવામાં આવી હતી. આપદા મિત્રને કોઈપણ પરિસ્થિતિને પહોંચી વળવા સક્ષમ બનાવવા, વરસાદ માપક યંત્ર વર્કિંગ કન્ડિશનમાં રાખવા, અધિકારીઓએ ગાડીમાં ટોર્ચ,દોરડા, લાઈફ જેકેટ જેવા સાધનો હાથવગા રાખવા સહિત જરૂરી સુચના જિલ્લા કલેકટરશ્રીએ આપી હતી.

બેઠકમાં ડી.સી.પી. જગદીશ બંગારવા, આસિસ્ટન્ટ કલેકટર મહેક જૈન, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી એ.કે.વસ્તાણી, જિલ્લા પુરવઠા અધિકારી રાજેશ્રી વંગવાણી, સર્વે પ્રાંત અધિકારીઓ, રૂડાના સી.ઈ.ઓ. ગૌતમ મિયાણી, જી.એસ.આર.ટી.સી.ના વિભાગીય નિયામક જે.એમ.કલોતરા, નાયબ વન સંરક્ષક તુષાર પટેલ સહિત પ્રીમોન્સુન સજ્જતાની કામગીરી સાથે જોડાયેલ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ૮મી મે વિશ્વ રેડક્રોસ દિવસઃ સેવાકીય ક્ષેત્રે રાજકોટ રેડક્રોસ શાખાની સુવર્ણ સિદ્ધિઓ

**શતાબ્દી વટાવી ચૂકેલી રાજકોટ રેડક્રોસ શાખાને રાષ્ટ્રપતિના હસ્તે સર્વોચ્ચ સન્માન સુવર્ણ ચંદ્રક પ્રાપ્ત થયેલો છે**

**મુખ્ય સમાચાર,રાજકોટ**
**આલેખનઃ સંદીપ કાનાણી**

સમગ્ર વિશ્વમાં ૮મી મે વિશ્વ રેડક્રોસ અને રેડ ક્રેસન્ટ ડે' તરીકે મનાવવામાં આવે છે. જેની વર્ષ ૨૦૨૫થી થીમ છે માનવતાને જીવંત રાખવી. વિશ્વમાં એવા અનેક લોકો છે, જેઓ બીજાઓની પીડા દૂર કરવા અને તેમના માનવીય ગૌરવનું રક્ષણ કરવા પોતાનો સમય, શ્રમ અને ક્યારેક પોતાનું જીવન ખર્ચી નાંખે છે. કુદરતી આફતો કે માનવસર્જીત આપદાઓ, રોગચાળા જેવી સ્થિતિ-માં, સેવાભાવી લોકો અનેક જોખમોનો સામનો કરી, કષ્ટો વેઠીને અન્યોના જીવન બચાવે છે, તેમને મેડિકલ સારવાર થકી સલામતી અને હૂંફ પૂરી પાડે છે. આવા લોકોને બિરદાવવાનો આ અવસર છે.

રેડક્રોસ એ વિશ્વની સૌથી મોટી માનવતાવાદી સ્વૈચ્છિક સંસ્થા છે, જે ૧૯૮ દેશોમાં ૧.૬ કરોડથી વધુ સ્વયંસેવકો ધરાવે છે. તેની સ્થાપના સર હેનરી ડ્યુનાન્ટે ૧૭મી ફેબ્રુઆરી ૧૮૬૩ના રોજ સ્વીટ્ઝર્લેન્ડના જીનીવા ખાતે કરી હતી. સર હેનરી ડ્યુનાન્ટનો જન્મ દિવસ ૮મી મેના રોજ આવે છે, આથી તેમની સ્મૃતિમાં આ દિવસ વિશ્વ રેડક્રોસ દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

પ્રથમ 'આંતરરાષ્ટ્રીય રેડ ક્રોસ દિવસ' ૮ મે ૧૯૪૮ના રોજ ઉજવવામાં આવ્યો હતો. સમય જતાં આ દિવસનું સત્તાવાર શીર્ષક બદલાયું અને ૧૯૮૪થી 'વિશ્વ રેડ ક્રોસ અને રેડ ક્રેસન્ટ દિવસ' તરીકે તેને મનાવવામાં આવે છે. રેડક્રોસના સાત મૂળભૂત સિદ્ધાંતો છેઃ માનવતા, તટસ્થતા, નિષ્પક્ષતા, સ્વતંત્રતા, એકતા, વૈશ્વિકતા અને સ્વયંસેવા.


ભારતમાં રેડક્રોસ એ સર્વોચ્ચ સરકારી માન્યતા પ્રાપ્ત સેવાભાવી સંસ્થા છે અને દેશભરમાં તેની શાખાઓ છે. ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીની સ્થાપના સન ૧૯૨૦માં થઈ હતી. ભારતમાંથી મહાત્મા ગાંધીજી રેડક્રોસના પ્રથમ સ્વયંસેવક હતા. રેડક્રોસના રાષ્ટ્રીય પ્રમુખ તરીકે માન. રાષ્ટ્રપતી, ઉપપ્રમુખ તરીકે કેબિનેટ આરોગ્યમંત્રીશ્રી જ્યારે ગુજરાત રેડક્રોસના પ્રમુખ તરીકે . રાજ્યપાલ ઉપપ્રમુખ તરીકે રાજ્યના આરોગ્યમંત્રી હોય છે. રાજકોટ રેડક્રોસના પ્રમુખ તરીકે જિલ્લા કલેક્ટર પ્રભવ જોશી કાર્યરત છે. જ્યારે ચેરમેન તરીકે ડૉ. દીપક નારોલા મહત્ત્વની ભૂમિકા ભજવી રહ્યા છે. ડૉ. દીપક નારોલા તરફથી મળેલી માહિતી મુજબ, રેડક્રોસ-રાજકોટની સ્થાપના ૧૯૨૩માં થઈ હતી. આ વર્ષે રાજકોટ શાખા ૧૦૨ વર્ષ પૂર્ણ કરીને ૧૦૩માં વર્ષમાં પ્રવેશ કરી રહી છે. મેડિકલ સેવા તેમજ આપદાના સમયમાં રાજકોટ રેડક્રોસની સુવર્ણ કામગીરી બદલ તત્કાલીન રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીના હસ્તે, રાજકોટ શાખાને સર્વોચ્ચ સુવર્ણ ચંદ્રક એનાયત કરવામાં આવેલો છે.

રાજકોટ રેડક્રોસ શાખાએ છેલ્લા ત્રણ વર્ષમાં ૭૧૬ રક્તદાન કેમ્પ યોજી કુલ ૩૪,૫૧૪ યુનિટ રક્ત એકત્ર કર્યું હતું. જ્યારે થેલેસેમિયાના દર્દીઓને ૩૧૭૯ યુનિટ રક્ત આપવામાં આવ્યું છે. બર્ન્સના દર્દીઓ માટે રાજકોટમાં રોટરી ગ્રેટર સ્કીન બેન્ક ૨ નવેમ્બર, ૨૦૨૧ના રોજ શરૂ કરાઈ હતી. આમ રેડક્રોસ રાજકોટને ગુજરાતની સૌ પ્રથમ સ્કીન બેન્ક શરૂ કરવાનો એવોર્ડ પ્રાપ્ત થયેલો છે. અત્યારસુધીમાં ૨૭૪ સ્કીન ડ્રાફ્ટ ઈશ્યૂ કરવામાં આવી છે.

નવેમ્બર-૨૦૨૪માં પ્રેસ-મીડિયાના કર્મચારીઓ માટે આરોગ્ય ચકાસણી કેમ્પ રખાયો હતો. જેમાં ૧૫૦ પત્રકારો-મીડિયા કર્મચારીઓના આરોગ્યની ગહન તપાસ વિનામૂલ્યે કરવામાં આવી હતી. આ શાખા દ્વારા સ્કીન ડોનેશન માટે ૩૮ તેમજ મૃત્યુ બાદ આંખ તથા દેહદાન માટે ૧૪ સંમતિ પત્રક ભરાવવામાં આવ્યા છે. રેડક્રોસને સ્વયંસેવકોની જરૂરિયાત રહેતી હોવાથી મોબાઈલ નંબર ૬૩૫૭૯ ૯૫૮૦૭ ઉપર સંપર્ક કરીને રજિસ્ટ્રેશન કરાવી શકાય છે.

# જૂનાગઢમાં ગેસ લાઈનમાં વિકરાળ આગ લાગતાં માતા-પુત્રી સહિત ત્રણના મોત





શોપિંગ સેન્ટરમાં લબકારા પહોંચતા ૬થી વધુ વાહનો બળીને ખાખ પાંચ લોકો દાઝતા સારવારમાં

**મુખ્ય સમાચાર, જૂનાગઢ**

જૂનાગઢના ઝાંઝરડા રોડ ઉપર અંડરગ્રાઉન્ડ ગેસલાઈનની કામગીરી દરમિયાન સ્પાર્ક થતાં ભયંકર આગની ઘટના બની હતી આ ઘટનામાં માતા-પુત્રી સહિત ત્રણ લોકો ભડથુ થઈ ગયા હતાં. પાંચ લોકો દાઝતા તેઓને સારવારમાં ખસેડવામાં આવ્યા છે. આગના લબકારા નજીકના શોપીંગ સેન્ટર સુધી પહોંચી જતાં છ થી વધુ વાહનો આગમાં ખાખ થઈ ગયા હતાં આ ઘટનાની જાણ થતાં જ ઉચ્ચ અધિકારીઓ સહિતનો કાફલો દોડી આવ્યો હતો. ફાયરની ટીમો ઘટનાસ્થળે આવીને આગને કાબુમાં લેવાની કામગીરી કરી હતી.

આ દુર્ઘટનાની અંગે મળતી માહિતી મુજબ શહેરના ઝાંઝરડા રોડ પર કોઈપણ અધિકૃત મંજૂરી વિના JCB દ્વારા ખાડો ખોદવામાં આવી રહ્યો હતો ત્યારે JCB ગેસ લાઈનને અડતાં અચાનક સ્પાર્ક બાદ વિસ્ફોટ થઈને આગ લાગી હતી. આ ઘટનામાં હજુ સુધી ત્રણ લોકોના મોત નીપજ્યાની પુષ્ટિ થઈ છે, જ્યારે પાંચ લોકો ગંભીર રીતે દાઝી ગયા છે અને તેમને સારવાર માટે તાત્કાલિક જૂનાગઢ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. જેમાં મૃતક રુપીબેન સોલંકી (માતા, ઉ.વ. ૩૯) ભક્તિબેન સોલંકી (પુત્રી, ઉ.વ. ૦૩) હરેશભાઈ રાબડીયાના મોત નિપજ્યા હતાં.

આકસ્મિક આગની જાણ થતાં તાત્કાલિક જિલ્લા કલેક્ટર, પોલીસ અધિકારીઓ અને તંત્રના અન્ય અગ્ર અધિકારીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. જનતાની ભીડ એકત્ર ન થાય તે માટે અને રાહત કાર્ય સુચારુ રહે તે હેતુથી પોલીસ દ્વારા ઝાંઝરડા ચોકડી તરફ જતાં માર્ગોને અસ્થાયી રીતે બંધ કરી દેવામાં આવ્યા હતા.

હાલ સમગ્ર વિસ્તારને કોર્ડન કરીને સુરક્ષા વ્યવસ્થા ગોઠવાઈ છે. આગના કારણે થયેલા નુકસાનનો આંકડો હજુ સ્પષ્ટ થયો નથી, પરંતુ દુકાનો સહિતના વ્યવસાયિક એકમોને પણ નુકસાન થવાનું માનવામાં આવી રહ્યું છે.

# વિશ્વા લાલસેતાએ ધો.૧૦ની પરીક્ષામાં ૯૦.૨૮ પીઆર મેળવ્યા



રાજકોટની મોદી સ્કૂલમાં અભ્યાસ કરતી વિશ્વા નિપુલભાઈ લાલસેતા ધો. ૧૦ ની પરીક્ષા માં ૯૦.૨૮ અને ગણિત વિષય માં ૧૦૦ માંથી ૧૦૦ માર્કસ મેળવી તેમના માતા પિતા, પરિવાર તથા સ્કૂલ અને શિક્ષકો નું ગૌરવ વધાર્યું છે. આવી જ રીતે આ દિકરી તેના હવે ના વર્ષો માં ઉતરોતર પ્રગતિ કરે તેવી હાર્દિક શુભેચ્છાઓ...

# પ્રેસ ફોટોગ્રાફરની પુત્રી શિવાંગી એ ૯૧.૪૩ પી.આર મેળવી દરજી પરિવારનું ગૌરવ વધાર્યું

**મુખ્ય સમાચાર,રાજકોટ**



ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગરની માર્ચ ૨૦૨૫ માં લેવામાં આવેલી ધોરણ ૧૦ ની પરીક્ષા નું પરિણામ આજે જાહેર કરાયું હતું ત્યારે પ્રેસ ફોટોગ્રાફર દિલીપભાઈ ગોહિલ ની પુત્રી શિવાંગી ગોહેલે ધોરણ ૧૦ માં ૯૧.૪૩ પીઆર મેળવી ગોહેલ પરિવાર અને દરજી સમાજનું નામ રોશન કર્યું છે શિવાંગી એ સ્ટાન્ડર્ડ મેથ્સમાં૮૭, સાયન્સમાં ૮૫ માર્ક મેળવ્યા છે તેમની આ સફળતા માટે માતા પિતા અને શિક્ષણ ગણનો આભાર માન્યો છે ધોરણ ૧૦ નું રિઝલ્ટ જાહેર થતાં ઉચ્ચ ક્રમાંક લાવનાર શિવાંગી ગોહિલને મિત્રો વર્તુળ, સ્નેહીજનો,સગા સંબંધીઓ અભિનંદન પાઠવી રહ્યા છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

